## વડીલોને વંદન અભિનંદન

મંગળદાસ મોહનલાલ પારેખ
(૧૯૩૫) મો.૯૮૭૯૪૫૬૫૧૭

## ખેડબ્રહ્મામાં બાળરોગ નિદાન કેમ્પ યોજાયો

હિંમતનગર, તા.૯

સર-તાપ જનરલ હોસ્પિટલ હિંમતનગર દ્વારા તાજેતરમાં જિલ્લા પંચાયત આરોગ્ય શાખાના સહયોગથી ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગર તથા વડાલી તાલુકાના નવજાત બાળકો તથા નાના બાળકો જન્મજાત રોગ જેવા કે હૃદયના પડદામાં કાણું, વાલ્વ સાંકળો હોવો, ફાટેલા હોઠ અને તાળવું, પગ વાંકા તથા અન્ય જન્મજાત બિમારીઓ વાળા ૩૦૩ બાળકોની બાળરોગ નિષ્ણાતો દ્વારા સઘન તપાસ અને સારવાર કરવામાં આવી હતી. ડૉ.એચ.એસ.ગઢવી તાલુકા હેલ્થ ઓફીસર અને ડૉ.બી.એમ.ઔદિચ્ય અધિક્ષક સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલ ખેડબ્રહ્મા દ્વારા ઘનિષ્ઠ આયોજન કરવામાં આવ્યુ હતું.

## હિંમતનગરમાં પલંગમાંથી પડી જતા મહિલાનું મોત

હિંમતનગર, તા.૯

હિંમતનગરના ઈલોરા પાર્કમાં રહેતા એક મહિલા સોમવારે બપોરના સુમારે પોતાના ઘરે પલંગમાં સૂઈ રજ્જા હતા. દરમિયાન તેણી અચાનક પડી જતા તેણીનું મોત નિપજયુ હતું. જે અંગે હિંમતનગર એડીવીઝન પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી ઘટતી કાર્યવાહી હાથ ધરી હતી. આ અંગેની વિગત એવી છે કે મહાવીરનગરમાં આવેલ ઈલોરા પાર્કમાં રહેતા અરૂણાબેન દિનેશકુમાર મુંદડા સોમવારે બપોરના સુમારે પોતાના ઘરે પલંગમાં સૂઈ રજ્જા હતા. દરમિયાન અચાનક અરૂણાબેન પલંગમાંથી પડી જતા તેણીનું મોત નિપજયુ હતું. જે અંગે જીજ્ઞેશભાઈ મહેશભાઈ જોષીએ હિંમતનગર એડીવીઝન પોલીસ સ્ટેશનમાં મંગળવારે જાણ કરતા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# હાથ બનાવટના દેશી બોમ્બ બનાવનાર સૂત્રધાર ઝડપાયો

### નાસતા ફરતા આરોપીની ધરપકડ બાદ પુછપરછ : આરોપી સામે કાર્યવાહી કરી ૧૦ દિનના પોલીસ રિમાન્ડ

અમદાવાદ, તા.૯

નારોલમાં હાલમાં જ પકડી પાડવામાં આવેલા ૪૯ દેશી બોંબના સંદર્ભમાં મુખ્ય સુત્રધારને આજે પકડી પાડવામાં આવ્યો હતો. આ અગાઉ બોંબ સાથે એક શખ્સની ધરપકડ કરાઈ હતી. આજે મુખ્ય સૂત્રધાર ઝડપાયો હતો. દેશી બનાવટના બોમ્બ બનાવનાર મુખ્ય સુત્રધાર એઝાજ એહમદ ઉર્ફે સમીર ઉર્ફે અન્નો ઉર્ફે અલ્તાફ ઉર્ફે મોંહમદ હનીફ બદરુદિન મિર્ઝાની કાઈમ બ્રાંચે ધરપકડ કરી મોટી સફળતા હાસલ કરી છે. પોતાની ધરપકડ ટાળવા મણિનગર રેલવે સ્ટેશનથી ટ્રેનમાં બેસી મુંબઈ તરફ ફરાર થવાની તૈયારીમાં હતો ત્યારે જ તેને ખાનગી વોચ દરમિયાન પકડી પાડવામાં આવ્યો હતો. અમદાવાદ કાઈમ બ્રાંચને બાતમી મળી હતી કે, આરોપી અલ્તાફ મણિનગર રેલ્વે સ્ટેશનથી ટ્રેનમાં બેસી મુંબઈ તરફ પલાયન થઈ રહ્યો છે. બાતમી હકીકતને આધારે મણિનગર રેલ્વે સ્ટેશન પર વોચ રાખી રાખવામાં આવી હતી. વોચ દરમ્યાન આરોપી એઝાઝ અહેમદ ઉર્ફે સમીર ઉર્ફે અન્નો ઉર્ફે એલ્તાફ ઉર્ફે મોહમંદ હનીફ બદરુદીન મિર્ઝા ( રહે માઈનોઓટલો બલુચા વાડ દરિયાપુર તથા અંબર ટાવરથી અંદર કેનાલ પાસે

સરખેજ) ને ઝડપી પાડી હતી તેમજ આરોપીની સઘન પુછપરછ કરતાં તેનો મિત્ર જાકીર તથા જહાંગીર પાસેથી ઉછીના ત્રણ લાખ ચુકવવાના હોવાથી તેમજે તમને ખોટા કેસ માં ફસાવવાના ઈરાદે તેનો મિત્ર પ્યાર અલ્લીની મદદ લીધી હતી. આરોપી એ વધુમાં જણાવ્યું હતું કે, પ્યારઅલીની મદદથી દેશી હાથ બનાવટના બોમ્બમાં વપરાતી વિસ્ફોટક તથા તિક્ષ્ણ સામગ્રી ભેગી કરી હતી. બધી સામગ્રી ભેગી કરી પ્યાર અલીના ઘરે સરખેજ બોમ્બ બનાવેલ હતુ તેમજ તેના સાગરિત ઈરફાનને સાચવવા માટે આપેલું હતું. ઉલ્લેખનીય છે કે ગત તા. ૩-૬-૧૫ના રોજ કોમ્બીનાઈટ દરમ્યાન બાતમી હકીકતને આધારે વોચ ગોઠવવામાં આવી હતી વોચ દરમ્યાન મોહમદ ઈરફાન ઉર્ફે બાલા બાબુભાઈ શાફકીર (ઉ.વ.૨૦) (રહે એ-૩૪ રહીમનગર કોમી હોટલની પાછળ, નારોલ)ના ને પકડી પાડી હતી. તેમજ તપાસ કરતા ૪૯ દેશી હાથ બનાવટના જીવતા બોમ્બ મળી આવ્યા હતા.

આરોપી મંહમંદ ઈરફાન ઈર્ફે બાલા વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી ૧૦ દિવસમા રીમાન્ડ પર મેળવી હતી. આરોપી સાથે સઘન પુછપરછ કરતા આ બોમ્બનો સુત્રધાર અલ્તાફની સંડોવણી હોવાની કબૂલાત કરી હતી. તે પછી મુખ્ય આરોપી ને ઝડપી લેવા બાતમી હકીકત મેળવવા તજવીજ હાથ ધરી હતી. આ અંગે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# તલાટી પરીક્ષાના પેપર લીક કૌંભાડમાં વધુ ત્રણની અટકાયત

હિંમતનગર, તા.૯

સાબરકાંઠાઅરવલ્લી અને ગાંધીનગર જિલ્લામાં ગત રવિવારે લેવાયેલી તલાટીની પરીક્ષાનું પેપર લીક થયાનું બહાર આવતા હિંમતનગર બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં બે શખ્સો વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ હતી. ત્યારબાદ એલસીબીએ તપાસ કરતા તેનો રેલો ગાંધીનગર પહોંચ્યો છે. જે આધારે અત્યાર સુધીમાં એલસીબીએ ૧૧ જણાની અટકાયત કરી છે. જે પૈકી ત્રણ જણાને મંગળવારે વહેલી પરોઢે ગાંધીનગર જિલ્લાના ત્રણ ગામેથી ઝડપી લીધા હતા.

આ અંગે એલસીબીના પી. આઈ. જે.એમ.આલના જણાવ્યા મુજબ તલાટી પેપર લીક કૌભાંડમાં અજય પટેલ અને સંજય સોલંકી પાસેથી હસ્તલિખીત પેપરની ઓએમઆર શીટ મળી આવ્યા બાદ તેમની વિરૂધ્ધ બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી. જે આધારે અગાઉ આઠ જણાની અટકાયત કરીને તેમની પુછપરછ કરવામાં આવી છે. જેમને કોર્ટમાં રજુ કર્યા બાદ સબજેલમાં મોકલી અપાયા છે. બીજી તરફ સંજય સોલંકીએ રિમાન્ડ દરમિયાન પોલીસ સમક્ષ જણાવ્યુ હતું કે મેં તલાટીની પરીક્ષા આપનાર અશોક બાબુજી ઠાકોર (લેકાવાડા, જિ.ગાંધીનગર), અજય અર્જુનજી ઠાકોર (કાનપુર, ગાંધીનગર) અને વિજય બુધાજી ઠાકોર (કાનપુર, ગાંધીનગર) ને પેપર આપ્યા હતા. જે આધારે એલસીબીએ મંગળવારે વહેલી સવારે ત્રણેય જણાને તેમના ઘરેથી ઝડપી લીધા હતા. ત્યારબાદ હિંમતનગર લાવી તેમની વધુ પુછપરછ હાથ ધરવામાં આવી છે. જેમાં અશોક ઠાકોર અને અજય ઠાકોરને મંગળવારે સાંજે કોર્ટ માં રજુ કરતા ન્યાયાધીશે સબજેલમાં મોકલવા આદેશ કર્યો હતો.

# મધ્ય ગુજરાતમાં વરસાદી ઝાપટા

અમદાવાદ,તા. ૯

અશોબા વાવાઝોડાની અસર હેઠળ ગુજરાતના કેટલાક ભાગોમાં આજે પણ છુટોછવાયો વરસાદ થયો હતો જેમાં ધંધુકામાં ગાજવીજ સાથે તીવ્ર પવન સાથે વરસાદ થયો છે જ્યારે દાહોદના કેટલાક ભાગોમાં પણ વરસાદ થયો છે. બાવળામાં પણ પવન સાથે વરસાદ થયો છે. જો કે, આજે મોટાભાગના વિસ્તારોમાં વરસાદમાં બ્રેકની સ્થિતિ રહી હતી. ગઈકાલે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ગાજવીજ સાથે તોફાની પવન સાથે ગઈકાલે ભારે વરસાદ થયો હતો. ધોધમાર વરસાદના પરિણામ સ્વરુપે કેટલીક જગ્યાઓએ નુકસાન પણ થયું હતું. ગઈકાલે બપોર બાદ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો જેના કારણે પવન સાથે જોરદાર વરસાદ તુટી પડ્યો હતો. ગઈકાલે દક્ષિણ ગુજરાતમાં તોફાની વરસાદ થયો હતો જે પૈકી કપરાડામાં નવ ઈંચની આસપાસ વરસાદ થયો હતો જ્યારે ધરમપુરમાં ચાર ઈંચની આસપાસ વરસાદ થયો હતો.

દક્ષિણ ગુજરાતમાં વાપી, પારડી, વલસાડ, ધરમપુર, ખેર ગામ, કપરાડામાં વરસાદ થયો હતો જ્યારે ડાંગ જિલ્લાના વઘઈ, આહવા, સાપુતારામાં ગઈકાલે વરસાદ પડ્યો હતો. નવસારી જિલ્લામાં જલાલપોર, ગણદેવી, બીલીમોરામાં પવન સાથે વરસાદ થયો હતો. આગામી પાંચ દિવસ સુધી હવામાન વિભાગે રાજ્યમાં મધ્યમથી ભારે વરસાદ પડવાની આગાહી કરી છે.

દક્ષિણ ગુજરાત, દમણ, દાદરાનગર હવેલી, ઉત્તર ગુજરાતના કેટલાક ભાગો, સૌરાષ્ટ્ર અને કચ્છમા પણ વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. જો કે, ભારે વરસાદની કોઈપણ પ્રકારની ચેતવણી જારી કરવામાં આવી નથી. દરમિયાન આજે ગઈકાલની સરખામણીમાં પારો આજે વધ્યો હતો.

સાબરમતી રિવરફ્રન્ટમાં પ્રદૂષિત પાણીના કારણે મોટી સંખ્યામાં માછલીઓના મોત થયા છે.

## ગાંભોઈ પાસે લકઝરીએ બાઈકને ટક્કર મારતા ચાલકનું મોત

હિંમતનગર, તા.૯

હિંમતનગર તાલુકાના ગાંભોઇ પાસે સોમવારે સાંજના સુમારે રોડ પરથી પસાર થતી લકઝરીના ચાલકે ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરી એક બાઈક સવારને ટક્કર મારતા તેનું ગંભીર ઈજાને કારણે મોત નિપજયુ હતું. જે અંગે ગાંભોઇ પોલીસે ગુનો નોંધી ઘટતી કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે ગાંભોઇ પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ સોમવારે સાંજના સુમારે ગાંભોઇ પાસેથી પસાર થઈ રહેલ લકઝરી નંબર આર.જે.૨૭.પીબી.૦૦૭૬ ના ચાલકે ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરી ગાંભોઈ બસ સ્ટેશન પાસેથી પસાર થતાં વિરમભાઈ વકતાજી મોરી (રહે.ટોરડા બાવળીયા, તા.ભિલોડા)ની બાઈક નં. જીજે. ૯. એ. એસ. ૬૫૦૮ ને હડફેટે લીધા હતા. જેના કારણે વિરમભાઈ મોરીને માથામાં ગંભીર ઈજા થતાં મોત નિપજયુ હતું. જે અંગે મૃતકના ભાઈ સોમાજી વકતાજી મોરીએ લકઝરીના ચાલક વિરૂધ્ધ ગાંભોઇ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# વડાલી સરકારી કૉલેજમાં ચડ્ડી-બનિયાનધારી ટોળકી ત્રાટકી

હિંમતનગર, તા.૯

વડાલી ખેડબ્રહ્મા માર્ગ પર રેલ્વે ફાટક નજીક આવેલ સરકારી કોમર્સ કોલેજમાં શુક્રવારે રાત્રે ૨૦ થી વધુ હથિયારધારી ચડ્ડી બનીયાનધારી ટોળકીએ આવી કાચ તોડી નાંખી કોલેજમાં પ્રવેશ કરી ચોરી કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ અચાનક જાગી ગયેલા વોચમેને એરગનમાંથી ફાયરીંગ કરતા અજાણ્યા શખ્સો ભાગી ગયા હતા. જે અંગે શનિવારે વડાલી પોલીસ સ્ટેશનમાં જાણ કરાઈ હતી.

આ અંગે કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સીપાલ વિપુલભાઈ ભાવસારના જણાવ્યા અનુસાર કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ માટે સંસ્થા દ્વારા લાખો રૂપિયાના ખર્ચે કમ્પ્યુટર, લેપટોપ, પ્રોજેક્ટર સહિત અમૂલ્ય પુસ્તકો લાઈબ્રેરીમાં રાખવામાં આવ્યા છે. દરમિયાન શુક્રવારે મોડી રાત્રે હથિયાર ધારી ચડ્ડી બનીયાન ટોળકીએ આવી દરવાજાના કાચ તોડી નાખ્યા હતા.

બીજી તરફ રાત્રે એકાએક થયેલા અવાજને કારણે વોચમેન તરીકે ફરજ બજાવતા ખેમાભાઈ વણકર અને કરણસિંહ રહેવરે મકાનની છત પર ચઢી એરગનથી ફાયરીંગ કરતા ભયને લઈને તસ્કરો ભાગી ગયા હતા. ઉલ્લેખનીય છે કે ગત તારીખ ૨૬ મે ના રોજ પણ અજાણ્યા શખ્સોએ કોલેજમાં ચોરી કરવાનો પ્રયાસ કર્યો હતો.

ત્યારબાદ કોલેજના સત્તાવાળાઓ દ્વારા વડાલી પોલીસ સ્ટેશનમાં રજુઆત કરી બે હોમગાર્ડ મુકવાની રજુઆત કરી હતી. તેમ છતાં પોલીસતંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરાઈ ન હતી. જેથી વિદ્યાર્થીઓ અને વાલીઓમાં રોષની લાગણી પ્રસરી છે.

## હિંમતનગરમાં મહિલાના ગળામાંથી સોનાનું મંગળસૂત્ર ખેંચાયું

હિંમતનગર, તા.૯

હિંમતનગરના મહાવીનગર વિસ્તારમાં આવેલ લક્ષ્મી ડેરી પાસે સોમવારે સાંજના સુમારે રોડની સાઈડમાં ઉભેલા એક મહિલાના ગળામાંથી બાઈક પર આવેલા બે અજાણ્યા શખ્સોએ રૂા.૪૦ હજારની કિમતના ત્રણ તોલા સોનાના મંગળસૂત્રની લૂંટ કરી ભાગી ગયા હતા. જે અંગે મહિલાએ એડીવીઝન પોલીસ સ્ટેશનમાં અજાણ્યા બે શખ્સો વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી.

પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ મહાવીનગરમાં આવેલ લક્ષ્મી ડેરી પાસેના રોડની સાઈડમાં મંજુલાબેન ઉભા રહ્યા હતા ત્યારે બે અજાણ્યા યુવાનોએ એફઝેડ બાઈક પર આવી મંજુલાબેનના ગળામાંથી ત્રણ તોલા સોનાનું મંગળસૂત્ર તોડીને ભાગી ગયા હતા. જોકે મંગળસૂત્રની લૂંટની થતાં મંજુલાબેને બૂમાબૂમ કરી હતી. પરંતુ બાઈક પર આવેલા બે યુવાનો ભાગવામાં સફળ રહ્યા હતા. ત્યારબાદ કુસુમબેન રજનીકાન્ત શાહે એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# મોટી ભાખર ગામે છ બાળકોની માતાની જમીન અદાવતે હત્યા પ્રકરણે ત્રણ ઝડપાયા

ડીસા, તા. ૯

ડીસા નજીક મોટીભાખર ગામે જમીનની તકરારમાં છ દિવસ અગાઉ એક છ સંતાનોની માતાની તેના જ સગા જેઠ અને અન્યોએ ઘાતકી હત્યા કરી હતી અને હત્યા કર્યા બાદ મૃતદેહને સગેવગે કરવા જતા પોલીસ જોઈ ભાગી છૂટ્યા હતા. જો કે આ મામલે ડીસા તાલુકા પોલીસે પાંચ વિરૂદ્ધ હત્યાનો ગુનો દાખલ કર્યો હતો. જેમાં આજરોજ આ ખૂન કેસના ત્રણ આરોપી ઝડપાતા પોલીસે તેમના રિમાન્ડ મેળવવાની તજવીજ કરી વધુ તપાસ હાથ ધરેલ છે.

ડીસા નજીક મોટીભાખર ગામે રહેતા રજુસિંહ ઠાકોરની સાથે સમરતબા ઠાકોરના લગ્ન થયા હતા. જો કે દસ વર્ષ પહેલા રજુસિંહ ઠાકોરનું મરણ થતા વિધવા બનેલ સમરતબા ઠાકોર પર પાંચ દીકરી અને એક દીકરાના ભરણ-પોષણની જવાબદારી આવેલ. જો કે પતિના મોત બાદ તેમના મોટાભાઈ અંદરસિંહ અને તેમના દીકરા આ વિધવાબાઈ પાસેથી યેનકેન પ્રકારે જમીન હડપવા કજીયો તકરાર કરતા હતા, જ્યારે બીજી તરફ છ બાળકોની જવાબદારી ઉપાડતી વિધવા સમરતબા ઠાકોર પાસે આજીવિકાનું એક માત્ર સાધન આ જમીનનો ટુકડો હોઈ તે આ જમીનમાં ખેતી કરી પેટીયું રળતી હતી, જેથી સમરતબા ઠાકોર વચમાં નડતી હોઈ તેનો કાંટો કાઢવા છ દિવસ અગાઉ ગત ત્રીજી જૂનની રાત્રે આરોપી એવા અંદરસિંહ ચંદનસિંહ ઠાકોર સામતસિંહ તેમજ અન્ય ઈસમો ઠાકોર, રહે. મોટી ભાખર તાલુકો-દાંતીવાડા વાળાઓ સમરતબા ઠાકોરના ઘેર પહોંચ્યા હતા અને તિક્ષ્ણ હથીયારો વડે વિધવા સમરતબા ઠાકોર પર તુટી પડ્યા હતા. પોતાની માતાને મારમાંથી છોડાવવા વચ્ચે પડેલા માસુમ બાળકોને પણ આરોપીઓએ માર્યા હતા અને સમરતબા ઠાકોરની હત્યા કરી એક જીપમાં મૃતદેહને સગેવગે કરવા રવાના થયા હતા. જોકે રાત્રી સમયે પેટ્રોલિંગ કરતી પોલીસ જીપ જોઈ આ આરોપીઓ જીપ અને મૃતદેહ મુકી ભાગી ગયા હતા. જેમાં ડીસા તાલુકા પોલીસે તે બાદ મૃતદેહનો કબજો સંભાળ્યો હતો. અને ડીસાની સરકારી હોસ્પિટલમાં મૃત મહિલાની મૃતદેહને પી.એમ. અર્થે ખસેડી હત્યારા ઈસમો વિરૂદ્ધ ખૂનનો ગુનો દાખલ કર્યો હતો. આ કેસમાં ખૂન કરી ભાગેલા પાંચ આરોપીમાંથી આજરોજ ડીસા તાલુકા પોલીસે આરોપી (૧) વિક્રમસિંહ રાજુસિંહ વાઘેલા ઉં.વ. ૩૨ રહે. ભાખર (૨) સામનસિંહ ચંદરસિંહ વાઘેલા ઉં.વ. ૨૬ રહે. ભાખર (૩) કિસ્મતસિંહ મંકુસિંહ વાઘેલા રહે. ભડથની પોલીસે અટકાયત કરેલ છે. અને હત્યા કરી મૃત મહિલાનો મૃતદેહને કારમાં સગેવગે કરવા જે કારનો ઉપયોગ કરાયો હતો તે પમ પોલીસે જપ્ત કરેલ છે. અને ઝડપાયેલા આરોપીઓને કોર્ટમાં રજુ કરી રિમાન્ડ મેળવવા પોલીસે કાર્યવાહી હાથ ધરેલ છે. જેની વધુ તપાસ ડીસા પોલીસ ઈન્સ્પેક્ટર તાલુકા રઘુવરસિંહ ભદોરિયા ચલાવી રહ્યા છે.

# ઊંઝામાં ધાડની તપાસમાં પોલીસ નિરસ

ઊંઝા, તા. ૯

ઊંઝા નજીકના ઉનાવા ગામે રબારી જ્ઞાતિના કાકા ભત્રીજા પર હૂમલો કરી લૂંટ ચલાવવાના બનાવ સંદર્ભે ઊંઝા પોલીસમથકે નોંધાયેલ ધાડના ગુનાની તપાસના કામે તપાસ અધિકારી દ્વારા આચરાયેલ કથિત ગેરરીતિઓ, રીઢા ગુનેગારોને છાવરવાના તથા સદર ગુનાના કામે કલમો ઘટાડવા, ઉમેરવા સામે ફરિયાદીએ સંબંધિત તંત્રોના ઉચ્ચ અધિકારીઓને લેખિત આવેદનપત્ર પાઠવી આ ગુનાની તપાસ કોઈ ઉચ્ચ અધિકારી મારફતે નિષ્પક્ષ રીતે થાય તે માટે રજુઆત કરી છે.

ઉનાવાના રબારી ઈશ્વરભાઈ લલ્લુભાઈએ રાજ્યના મુખ્યમંત્રી, ગૃહમંત્રી, જિલ્લા ન્યાયાધીશ, જિલ્લા કલેક્ટર, જિલ્લા પોલીસ અધિક્ષકને મોકલાવેલ લેખિત ફરિયાદમાં જમાવ્યું છે કે, મારા ભત્રીજો વિપુલ વાઘજીભાઈ રબારી ઉનાવા નજીકના બોકરવાડાની સીમમાં ગાયો ચરાવવા માટે ગયો હતો. ત્યારે ગામના જ કેટલાક રબારી જ્ઞાતિના ઈસમોએ ગાયો ચરાવવા બાબતે ઝઘડો કર્યો હતો. જેથી અમો સામાવાળાને ઠપકો આપતા તેઓ એકદમ ઉશ્કેરાઈ ગયા હતા. અને મારા તથા મારા ભત્રીજા પર હૂમલો કરી બન્નેને ગંભીર ઈજાઓ પહોંચાડી મારા ખિસ્સામાંથી ૧૨૦૦ની રોકડ રકમ તથા સોનાની વીંટીની લૂંટ ચલાવી હતી.

જે અંગે અમારી ફરિયાદના આધારે ઊંઝા પોલીસે રબારી ઘેમરભાઈ કુરાભાઈ સહિત આઠ ઈસમો વિરૂદ્ધ ઈ.પી.કો. કલમ ૩૯૭, ૩૯૫, ૫૦૪, ૫૦૬(૨) મુજબ ગુનો નોંધાયો હતો. આ ગુનાની તપાસ ઊંઝા પોલીસ ઈન્સ્પેક્ટર જે.એચ. વાઘેલા ચલાવી રહ્યા છે. આ ગંભીર પ્રકારના ગુનાની તપાસ કરનાર અધિકારીએ હજી સુધી આરોપીઓની ધરપકડ કરી નથી. જે તપાસ અંગે શંકા ઉપજાવે છે. અને તપાસ કરનાર અધિકારી આરોપીઓને છાવરીને ભીનું સંકેલવાના પ્રયાસ કરી રહ્યા હોય તેમ મનાય છે. ધાડના ગુનામાં સંડોવાયેલ આરોપીઓ ઝનૂની વૃત્તિવાળા, માથાભારે અને વગદાર છે.

ગામમાં તથા આસપાસના વિસ્તારોમાં તેમનો ત્રાસ છે. અગાઉ તેઓની વિરૂદ્ધ ઊંઝા પોલીસ સ્ટેશને ફરિયાદો નોંધાયેલ છે. તેમ છતાં આ ગુનાની તપાસમાં તપાસ અધિકારીનું વલણ શંકાસ્પદ રહ્યું છે. નામદાર ઊંઝા અદાલતમાં ગુનાની કલમો ઘટાડવા, ઉમેરો કરવા અંગે તપાસ અધિકારીએ અલગ અલગ રીપોર્ટ કરેલ છે.

## શામળાજી એકલવ્ય શાળા સંકુલમાં છાત્રાલય અને ક્વાટર્સનું લોકાર્પણ કરાયું

શામળાજી, તા. ૯

અરવલ્લી જિલ્લાના શામળાજી નજીકના શામળપુર ખાતે આવેલી એકલવ્ય મોડેલ સ્કૂલ ખાતે આજે વન અને પર્યાવરણ મંત્રી શ્રી મંગુભાઈ પટેલ તથા વન્ય રાજ્ય મંત્રીશ્રી કાન્તિભાઈ ગામીતના અધ્યક્ષસ્થાને રૂ. ૯ કરોડના ખર્ચે નવ નિર્મિત શાળા સંકુલ કુમાર-કન્યા છાત્રાલય તેમજ સ્ટાફ ક્વાટર્સનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

સંકુલનું લોકાર્પણ કરતા મંત્રીશ્રી મંગુભાઈ પટેલે જણાવ્યું હતું કે, આજે અંબાજીથી ઉમરગામ સુધીના આદિજાતિ વિસ્તારના ૧૪ જિલ્લામાં ૮૫ એકલવ્ય મોડેલ નિવાસી શાળાઓ શરૂ કરવામાં આવી છે. જેમાં ૧૯ હજારથી વધુ આદિવાસી બાળકો શિક્ષણના પાઠ ભણી રહ્યા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, દાયકા પૂર્વે આદિજાતિ વિસ્તારમાં શિક્ષણનું પ્રમાણ ૨૯ ટકા જેટલુ હતુ. જે આજે શિક્ષણદર વધીને ૬૩ ટકાએ પહોંચ્યો છે. જેના થકી આજે માલુમ પડે છે કે આદિજાતિ વિસ્તારમાં શિક્ષણક્ષેત્રે સુધારાત્મક પ્રયાસ રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવ્યા છે.

શિક્ષણમાં આવેલ સુધારાત્મક પરીણામની વાત કરતાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવના કારણે આજે આદિજાતિ વિસ્તારમાં બહેનોમાં શિક્ષણનું પ્રમાણ ૭ ટકાથી વધીને ૫૨ ટકાએ પહોંચ્યું છે.

## ભારે વરસાદની આગાહી

● અનુસંધાન પહેલાનું ચાલુ

પશ્ચિમ ઉપર કેન્દ્રિત થઈ રહ્યું છે અને તે ઉત્તર પશ્ચિમની દિશામાં આગળ વધી રહ્યું છે. મુંબઈથી ૮૬૦ કિલોમીટર, વેરાવળથી ૬૦૬ કિલોમીટર પશ્ચિમ-દક્ષિણ પશ્ચિમમાં તથા ઓમાનથી ૫૭૦ કિમી પર્વ-દક્ષિણપૂર્વ તેમજ મસ્કતથી ૭૩૦ કિલોમીટર પૂર્વ-દક્ષિણપૂર્વમાં સ્થિત છે. તે વધુ તીવ્ર બનીને ઉત્તર પશ્ચિમની દિશામાં આગળ વધશે. ઓમાનના દરિયાકાંઠાને પાર કરતી વેળા ભારે વરસાદ થઈ શકે છે. જેના લીધે સાઉદીમાં પણ સાવચેતીના પગલા લેવામાં આવી રહ્યા છે. ભારતમાં કર્ણાટક, કોંકણ, ગોવા અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની શક્યતા રહેલી છે. આના માટે તંત્ર દ્વારા પહેલાથી જ સાવધાની રાખવા માટે કહેવામાં આવ્યું છે. હવામાન વિભાગ તરફથી ભારે વરસાદની આગાહી કરવામાં આવ્યા બાદ એક બાજુ માછીમારોને દરિયામાં ન જવા માટે સાફ સૂચના આપવામાં આવી છે ત્યારે બીજી બાજુ ગુજરાતના તમામ બંદરો ઉપર ડેન્જર સિગ્નલ નંબર બે મુકવામાં આવ્યા છે. હાલ પુરતુ વાવાઝોડાનું સંકટ ગુજરાતમાંથી ટળ્યું છે અને તે ઓમાન તરફ વધ્યું હોવાના સંકટ મળી રહ્યા છે પરંતુ તેની અસર હેઠળ ભારે વરસાદ થઈ શકે છે.

## એસ.ટી. પાસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એસ ટી નિગમ દ્વારા ગત વર્ષ દરમિયાન પાસ ઈસ્યુ કરવા માટેના કાઉન્ટર પણ વધારવામાં આવ્યા હતા. અગાઉ પણ એસ ટી ડેપોમાં પાસના મામલે વિવાદ થયો હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી.જયારે વિધાર્થીઓમાં પણ પ્રબળ આક્રોશ પ્રવર્તયો હતો. ગાંધીનગર અમદાવાદ વચ્ચે પણ રોજ બરોજ ૩ હજાર જેટલા વિધાર્થીઓ અપડાઉન કરે છે.ડેપોના સુત્રોના જણાંવ્યા મુજબ વિધાર્થીઓને સરળતાથી પાસ ઉપલબ્ધ થાય તે માટે ઓન લાઈન પાસ કાઢવાની સુવિધા ઉભી કરવામાં આવશે. જયારે આ મામલે શાળાઓના આચાર્યો સાથે પણ જરૂરી સંકલન સાધવામાં આવશે.એસ ટી ડેપોમાં પાસ ઈસ્યુ કરવાની સુવિધા અપગ્રેડ કરવાનું આયોજન થતા વિધાર્થીઓને પડતી હાલાકીનો અંત આવશે.

## શબ્દાવલી - ૫૭૫૫

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ■ | ૩ | | ૪ | ૫ |
| ૬ | | ■ | ૭ | | ■ | ૮ | |
| | ■ | ૯ | | | ■ | ■ | |
| ■ | ૧૦ | | | ■ | ૧૧ | | |
| ૧૨ | | | ■ | ■ | | ■ | ■ |
| | ■ | ■ | ૧૩ | ૧૪ | | ૧૫ | ■ |
| ૧૬ | ૧૭ | | | | ■ | ૧૮ | |
| ૧૯ | | ■ | ૨૦ | | | | ■ |

### આડી ચાવી

૧. ટાંકવાનું ઓજાર, ફરશી(૩)
૩. રબ, અલ્લાહ, ઇશ્વર (૪)
૬. ટીપણું, પીપડું, પીપ (૩)
૭. મજા, ગેલ, ગમ્મત (૨)
૮. એક જંતુ (૨)
૯. છુટાછેડા (૩)
૧૦. એક દેવી, જગદંબાનું રુપ(૩)
૧૧. હેડીંગ, સૌથી ઉપર લખાય તે (૩)
૧૨. નાટક, રંગલા-રંગલીની... (૩)
૧૩. કકળાટ, બકબક (૪)
૧૬. થાપણ, મુકનાર (૫)
૧૮. પાછળથી, થોડીવાર રહીને (૨)
૧૯. લડાઇનું પ્રાચીન વાહન(૨)
૨૦. પારણા જેવી ડોલીમાં બેસી ગોળ ફરવાનો ફાળકો, ફજેતફાળકો (૪)

### ઊભી ચાવી

૧. પગ, ચરણ (તુચ્છકારમાં) (૩)
૨. ખ્યાલો (૨)
૩. એકાદ શબ્દ પણ કાને પડવો એક... ભી નહીં પડની ચાલિયે(૩)
૪. સ્ત્રી, લક્ષ્મી (૨)
૫. નખરાવાળું (૪)
૭. ... ઢીંકડી-પુંછડી, ફલાણી (૩)
૯. કમબખ્તી, આફત (૩)
૧૦. ભમર, ગુસ્સા કે રોષમાં... ઉપર ચડે (૩)
૧૧. અલક.... મુલ્ક (૩)
૧૨. પતિ, સ્વામી, ધણી (૪)
૧૩. કવચિત, ચોક્કસ નહિ(૩)
૧૪. પક્ષીઓની અઘાર (૩)
૧૫. ચાલાક, ત્વરિત ગતિવાળુ (૩)
૧૭. રસ્તો, કેડી (૨)

### શબ્દાવલી ૫૭૫૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) બેપરવા (૫) વિજય (૮) ગુલતાન (૯) કાગજ (૧૦) થર (૧૧) હજ (૧૩) છુપા (૧૪) જાન (૧૫) લક (૧૭) ટકો (૧૮) મંજીરા (૧૯) એક (૨૧) દિરામ (૨૨) ઝાટકણી (૨૪) તમાલપત્ર

**ઊભી ચાવી :-** (૧) બેગુનાહ (૨) પલ (૩) રતાળુ (૪) વાન (૫) વિકાર (૬) જગ (૭) યજમાન (૧૦) થપાટ (૧૨) જલજીરા (૧૬) કરામત (૧૮) મંદિર (૧૯) એકત્ર (૨૦) કણી (૨૨) ઝાલ (૨૩) ટપ